બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯)

## (વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, પંદરમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ રામાનંદ સ્વામી - સહજાનંદ સ્વામીને (૫૫/૧૧૦)

➩ જેતપુરમાં રામાનંદ સ્વામીએ ધર્મધુરા સોંપીને લોકપ્રથા પ્રમાણે ઉપદેશ આપતાં કહે છે.

૨. ➩ હનુમાનજી - નીલકંઠવર્ણીને (૧/૨)

➩ વનવિચરણમાં નીકળેલા નીલકંઠવર્ણી પાસે હનુમાનજી પહોંચી જાય છે ત્યારે ધ્યાનમાંથી જાગેલા નીલકંઠવર્ણીએ હનુમાનજીને પૂછયું : તમે ક્યારના આવ્યા છો ? ત્યારે.

૩. ➩ જિઅર સ્વામી - નીલકંઠવર્ણીને (૩૩/૬૪)

➩ નીલકંઠવર્ણીએ શાસ્ત્રોમાં સ્ત્રી, દ્રવ્ય અને રસ એ ત્રણ ત્યાગીને મોટા બંધન કહ્યાની વાત કરી. ત્યાગીએ કેવો માર્ગ ગ્રહણ કરવો જોઈએ તે સમજાવવાનું કહ્યું ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. રીંછ નીલકંઠવર્ણીને પગે લાગી ઝાડીમાં અદૃશ્ય થઈ ગયું. (૨૪/૪૬)

જ. કૃષ્ણના સમયમાં જાબુવાને કૃષ્ણની સેવા કરેલી પણ મનમાં શંકા રહી ગયેલી તેથી ભટક્યા કરતો હતો. નીલકંઠવર્ણીને મળવાથી, તેમના આશીર્વાદ મળવાથી તેનું કલ્યાણ થવાથી તે જતું રહ્યું.

૨. લાલજી સુથાર હોંશે હોંશે લોજપુરની વાટે ચાલ્યા. (૫૧/૧૦૧)

જ. લાલજી સુથાર રામાનંદ સ્વામીને મળવા ગયા ત્યારે રામાનંદ સ્વામીએ ઠપકો આપતાં નીલકંઠવર્ણીને રામકૃષ્ણ, દત્તાત્રેય, સર્વેથી મોટા તેમજ અવતારના અવતારી છે એવો મહિમા કહ્યો તેથી.

૩. પિબૈક નીલકંઠવર્ણીના ચરણોમાં આળોટવા લાગ્યો. (૨૦/૩૭)

જ. પિબૈકે બટુકવીર અને કાળભૈરવને નીલકંઠવર્ણી તરફ મોકલ્યા પણ તેઓ ત્યાં ન જતાં ઉલટાનો પિબૈકને ત્રિશૂળથી મારીને જમીન પર પછાડ્યો પછી હનુમાનજીની આરાધના કરી તેથી હનુમાજીએ પિબૈકને ખૂબ માર માર્યો અને તે પૃથ્વી પર બેભાન થઈને પડ્યો તેના શિષ્યો તેમજ સગાંઓએ તેને બેઠો કરવા નીલકંઠવર્ણીને પ્રાર્થના કરી. નીલકંઠવર્ણીએ તેની સામે દૃષ્ટિ કરી. પિબૈક જાગીને નીલકંઠવર્ણીના ચરણોમાં આળોટવા લાગ્યો.

**પ્ર.૩** ''મહંતાઈના પ્રલોભનનો ત્યાગ'' (૬/૧૦) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

શ્રીકૃષ્ણના વિયોગમાં હિમાલયમાં ઉદ્ધજીએ તપ કર્યું હતું. તે પ્રાસાદિક સ્થાન પર નારદજીએ શ્રીપુર નામનું શહેર વસાવ્યું હતું. નીલકંઠવર્ણી અહીં આવી પહોંચ્યા તેમણે ગામ બહાર આવેલા મઠના ઓટલા ઉપર આસન જમાવ્યું. મઠના મહંતને ખબર પડતાં તેઓએ નીલકંઠને મઠમાં આવી વિશ્રામ કરવા કહ્યું કારણ કે ત્યાં જંગલી જનાવરોનો ભય ખૂબ હતો પણ નીલકંઠે કહ્યું 'મને મૃત્યુનો ભય નથી અને હું વસતિમાં રહેતો નથી.' રાત્રે એક શેર આવ્યો પણ વર્ણીએ તેના પર દૃષ્ટિ કરતાં સમાધિના દિવ્ય સુખનો અનુભવ કરતાં શેર વર્ણીના પગ આગળ લપાઈને બેસી ગયો. શેરના શરીર પર વર્ણી હાથ ફેરવતા હતા. મહંતે આ દૃશ્ય જોયું. પરોઢ થતાં શેર ચાલ્યો ગયો. ત્યાર પછી મહંત વર્ણી પાસે આવીને લાખ રૂપિયાની આવકવાળા આ મઠના મઠાધિપતિ બનાવવાનું કહ્યું ત્યારે વર્ણીએ ના પાડતાં કહ્યું, ''મઠ, મિલકત કે આશ્રમની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? મારે તો તીર્થોમાં ફરી અનેક જીવોનું કલ્યાણ કરવું છે. સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું છે.'' આમ, કહી ત્યાંથી ચાલી નીકળ્યાં.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. પુલહાશ્રમમાં નીલકંઠવર્ણીની સેવામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આવ્યા. (૧૪/૨૫)
૨. આત્માનંદ સ્વામી ભગવાનને નિર્ગુણ, નિરાકાર માનતા. તેમની મૂર્તિપૂજા હોય નહિ તેવું માનતા માટે રામાનંદ સ્વામીએ તેમનો ત્યાગ કર્યો. (૪૧/૭૮)
૩. સૂતજીએ શૌનકાદિક ઋષિઓને નૈમિષારણ્યમાં ભાગવત સંભળાવ્યું હતું. (૩/૬)
૪. જીવ, ઈશ્વર અને માયા શું છે ? બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો કેવાં છે તે સમજાવો. (૪૩/૮૭)
૫. નીલકંઠવર્ણી અષ્ટાંગયોગ ગોપાળયોગી પાસે શીખ્યા. (૧૭/૩૧)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨ (૫૦/૧૦૦) **૨.** ૧, ૨, ૪ (૧૪/૨૫, ૧/૨, ૩૨/૬૩)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. બે મહિના (૩૦/૫૫) ૨. જેતપુર (૫૫/૧૦૮) ૩. ભગવાન શ્રીકૃષ્ણના અસ્થિ (૨૭/૪૮) ૪. અઢાર (૪૯/૯૬)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, દસમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➯ રણછોડરાય - આશાભાઈને (૮/૫૩)
➯ આશાભાઈ દર પૂનમે ડાકોર રણછોડરાયનાં દર્શને જતાં. ત્યાં કેટલુંક ધર્મ વિરુદ્ધ આચરણ જોઈ પોતે ઘણીવાર મનમાં ક્ષોભ પામતા. ત્યારે એક રાત્રે રણછોડરાયે સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું.

૨. ➯ બાપુ (વજેસિંહ) - કવિને (લાડુદાનજીને) (૧/૨)
➯ કવિએ સોની મહાજનના કપાળમાં તિલક-ચાંદલો જોઈ પૂછપરછ કરી ત્યારે.

૩. ➯ મહારાજ - શુક મુનિને **અથવા** શુકાનંદ સ્વામીને (૩/૨૧)
➯ અક્ષર ઓરડીમાં મહારાજના દર્શન કરવા આવેલા ગુણાતીતાનંદ સ્વામી માટે શુકમુનિ આસન શોધવા લાગ્યા ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શુકમુનિને રોજ રાત્રે તાવ આવતો. (૩/૨૧)
જ. મહારાજના અંતર્ધાન થયા પછી વિરહી અને ત્યાગ, વૈરાગ્યના ઈશકવાળા શુકમુનિએ શરીર પુષ્ટ ન થાય તેટલા માટે મહારાજ પાસે પ્રાર્થના કરી તાવ માંગ્યો હતો. તેથી દિવસે સત્સંગનું કાર્ય કરતા અને રાત્રે તાવ આવતો.
૨. શાસ્ત્રીજી મહારાજ આશાભાઈને ભેટ્યા. (૮/૫૭-૫૮)
જ. અકસ્માતથી કપાસમાં દીવાસળી પડવાથી આશાભાઈની તમામ માલમિલકત બળી ગઈ. તે વખતે સ્વામીશ્રીએ કહ્યું અમે તો સારંગપુર મંદિરની મૂર્તિ માટે પૈસા લેવા આવ્યા અને આ ઉપાધિ આવી. ત્યારે શરાફને ત્યાંથી જરૂરી રકમ લાવી આશાભાઈએ સ્વામીશ્રીને આપતાં સ્વામીશ્રી આશાભાઈને ભેટ્યા.

**પ્ર.૯** ''જીવુબાની ભક્તિ'' (૬/૩૯) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

જીવુબા ગઢપુરના દરબાર એભલખાચરના દીકરી હતા. બાળપણથી જ તેમનું જીવન તપની રુચિવાળું અને ભક્તિમય હતું. ઉંમરલાયક થતાં તેમને પરણાવવાનો એભલખાચરે વિચાર કર્યો ત્યારે તેમણે કહ્યું : બાપુ ! મારે પરણવું નથી. મારે ભગવાનની ભક્તિ જ કરવી છે. છતાં બાપુએ તેઓના લગ્ન કુંડળના હાથિયા પટગર સાથે કર્યા. તેમની બ્રહ્મચર્યપાળીને ભગવાન ભજવાની ઇચ્છાના કારણે સાસુ રાઈબાએ દીકરાને સમજાવી રજા અપાવતાં તેઓએ ગઢડા આવી ભગવાનની ભક્તિમાં મન પરોવ્યું. એક વખત **જીવુબા ધ્યાનમગ્ન સ્થિતિમાં દૂધનો ભરેલો કટોરો હાથમાં લઈ ઠાકોરજીને ધરાવતા હતાં** ત્યારે જ તેમના પિતા ઉઘાડી તલવાર સાથે ઓરડામાં પ્રવેશ્યા. અને કહ્યું, 'આ બધા ધતિંગ મૂકી દે ને તારો ભગવાન સાચો હોય તો હમણાં જ આવીને દૂધ પી જાય, નહિ તો આ તલવારથી તારા ટુકડે ટુકડા થઈ જશે.' એટલામાં આખો ઓરડો એકાએક તેજથી ભરાઈ ગયો અને મૂર્તિમાંથી ભગવાન ચતુર્ભુજ સ્વરૂપ ધરી પ્રગટ થઈને જીવુબાએ ધરેલું દૂધ આરોગવા લાગ્યા. એભલખાચરના હાથમાંથી તલવાર પડી ગઈ અને એકદમ પ્રભુનાં ચરણોમાં પડી ગયા. જીવુબાના આનંદનો પાર ન રહ્યો, થોડીવારે મૂર્તિમાં તેજ સમાઈ ગયું અને પ્રભુ અદ્રશ્ય થઈ ગયાં ત્યારે જીવુબાની માફી માંગતા તેમનાં પિતાએ તેમને કહ્યું, **'બેટા, તમે કોની ભક્તિ કરો છો ?'** જીવુબાએ કહ્યું, 'આ સર્વ અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ નારાયણની હું ભક્તિ કરું છું, તમે પણ મહિમાએ સહિત ભજન કરશો તો તમને પણ એ જરૂર વશ થશે.' આમ મહારાજ જીવુબાની ભક્તિને વશ હતાં.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. આ બાળક સત્સંગની મહાન સેવા કરશે ને મહારાજની સાચી ઉપાસના પ્રવર્તાવશે. (૩/૨૧)

૨. સર્વમંગલ સ્તોત્રમાં આવેલા 'हेमन्तार्चास्तुतिप्रीताय नमः' નામમાં મહારાજના નામ સાથે ઝીણાભાઈનું નામ જોડવામાં આવ્યું છે. (૪/૩૦)

૩. તમારી બુદ્ધિ, જ્ઞાન અને કાર્યશક્તિ ભગવામાં દીપશે. ધોળામાં નહિ દીપે. (૭/૪૭)

૪. બ્રહ્માનંદ કાવ્ય, શ્રી સુમતિપ્રકાશ, બ્રહ્મવિલાસ, શિક્ષાપત્રી (પદ્યમાં), ઉપદેશ ચિંતામણિ ચંદ્રાવળા અને ઉપદેશ રત્નદીપક. (૧/૯-૧૦)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષયની સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : લાડુદાનજી મહારાજના સેવક બન્યા. (૨/૩)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૧ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૧ |
| **યથાર્થ ઘટનાક્રમ** | ૧૦ | ૧૧ | ૧ | ૮ | ૪ | ૬ |

**☞ તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો: જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમ: ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સ્વામી યજ્ઞપ્રિયદાસજી : આશાભાઈ**ના દીકરા **દેસાઈભાઈ**ને **ઘાસના બીડમાં કામ કરતાં સર્પ** કરડવાથી ધામમાં ગયા. પછી **ભગતજી મહારાજ** સાથે આવીને **આશાભાઈ**ને **જય સ્વામિનારાયણ** કહ્યા. (૮/૫૩)

૨. **ભક્તરાજ જીવુબા : જીવુબા**ને **કૃષ્ણાવતાર**ની લીલા જોવાનું **મન** થતાં **મહારાજે** એક **ફૂલનો દડો** આકાશમાં ઉછાળતાં **બધા અવતારો અને દેવો વિમાન** લઈ **મહારાજ**નાં દર્શન કરવા આવ્યાં. (૬/૩૯)

૩. **ભક્તરાજ જોબનપગી : ગુજરાત**માં **જોબન** પગીની હાક વાગતી ને **જોબન સો સો ગાઉ સુધી ચોરી કરવા** જતો. (૫/૩૧)

૪. **સ્વામી નિર્ગુણદાસ :** જેઠાભાઈ સં. **૧૯૫૨**ના **કાર્તિક** માસમાં **વહાણ**માં બેસી મહુવા ભગતજીનાં દર્શને ગયા. સાથે **ભરૂચ**ના મહાશંકરભાઈ દવેના પુત્ર **ગણપતભાઈ** હતા. ( /૪૩)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **યુવાનોના આદર્શ : નીલકંઠવર્ણી :** જીવનમાં આગળ વધવા માટે ધ્યેય નક્કી કરવું અતિ આવશ્યક છે. ધ્યેય નક્કી થયા પછી તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ પણ એટલો જ જરૂરી છે. પોતાના ધ્યેયમાં આગળ વધવા માટે તેવું જ આદર્શ પાત્ર નજર સમક્ષ રાખીને તેવી રીતે આગળ વધવા માટે પ્રયત્ન કરવાથી ધ્યેયની પ્રાપ્તિ થાય છે. ક્યારેક આદર્શ પાત્ર દ્વારા પણ જીવનનું ધ્યેય નક્કી થાય છે. નીલકંઠવર્ણીનું જીવન દરેક યુવાનને દરેક ક્ષેત્રમાં ઉપયોગી થાય તેમ છે. નીલકંઠવર્ણીના જીવનમાંથી યુવાનોમાં સાહસિકતા, નિર્ભયતા, નિયમ-ધર્મની દૃઢતા, નિર્લોભી, ભક્તિ અને સેવાના વગેરે ગુણો કેળવાય છે.

**સાહસિકતા :** હિમાલય દેવે બતાવેલ પુલહાશ્રમના માર્ગે બે પર્વત વચ્ચે વહેતા પ્રવાહમાં ઝેરી સર્પો, કરચલા, કાચબા, મગર હોવા છતાં તેમાં ઝંપલાવી આખી રાત ચાલ્યા અને પુલહાશ્રમના માર્ગે આગળ વધ્યા પણ મુશ્કેલી જોઈને અટક્યા નહિ.

**નિર્ભયતા :** હિમગિરિના સાન્નિધ્યમાં આવેલા કાળભૈરવ થકી પણ ન ડરતા તેનો પરાભવ કર્યો.
(તેને લગતા બીજા પ્રસંગો પરીક્ષાર્થીએ જાતે તૈયાર કરીને લખવા )

**નિયમ-ધર્મની દૃઢતા :** સ્ત્રી-ધનનો ત્યાગ, ત્યાગીને તો અજગર વૃતિ,

**નિર્લોભી** : રાજાઓના રાજ્યનો, મઠની મહંતાઈનો ત્યાગ. પ્રસંગો

**ભક્તિ અને સેવા :** શાલિગ્રામને ધરાવીને જ વસ્તુ ગ્રહણ કરતાં, નિત્ય સેવા પૂજા કરતાં. - પ્રસંગો. આ બધા આદર્શો એક જ વ્યક્તિ નીલકંઠવર્ણીમાંથી જ મળી રહે. તેમને નજર સમક્ષ રાખીને કાર્ય કરવાથી આપણે પણ આપણા ધ્યેયમાં આગળ વધી શકીએ છીએ.

૨. **"તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો" :** નરસિંહ મહેતાના આ કીર્તનમાં ભક્તના લક્ષણ બતાવ્યા છે. શ્રીજીમહારાજ પણ સત્સંગ માટે ફરતાં પરમહંસોને કહેતા તમારું વર્તન વાતુ કરશે. પરમહંસોને નિત્ય પાંચ સત્સંગી કરવાની આજ્ઞા કરી હતી. જેના વર્તનમાં હોય તે જ બળની વાતો કરી શકે. સામાન્ય પ્રાપ્તિની માટે પણ બીજાને ભલામણોને શીખામણો આપીએ છીએ. તો ભગવાનને માર્ગે સત્સંગને માટે કેમ નહિ ? આપણને જે ભગવાન અને ગુરુની પ્રાપ્તિ થઈ છે. તેનો મહિમા કહી અન્યને પણ લાભ ન આપી શકીએ. ત્યાં સુધી આપણે પણ પૂરતો મહિમા સમજયા જ નથી. નરસિંહ મહેતાએ પણ પોતાને પ્રાપ્ત થયેલ શ્રીકૃષ્ણની બધાને પ્રાપ્તિ થાય તે માટે લોકલાજનો ત્યાગ કરીને પણ ભગવાનના ગુણ ગાયા અને ગવડાવ્યા છે. સ્વામીશ્રી પણ દર વર્ષે ચાર્તુમાસમાં પાંચ નવા સત્સંગી કરવાની આજ્ઞા કરે છે. (આ રીતે થયેલ સત્સંગના પ્રસંગો)

૩. **પ્રમુખસ્વામી મહારાજની હરિભક્તો પ્રત્યે આત્મીયતા અને સંભાળ :** શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને શાસ્ત્રીજી મહારાજે જ્યારે સંસ્થાના પ્રમુખ તરીકેની વર્ણી કરી તે સમયે તેઓએ કરેલી પ્રતિજ્ઞાનું આજપર્યંત પાલન કર્યું છે. ભગવાન તથા ભગવાનના સંતમાં નિસ્વાર્થભાવનો પ્રેમ હોય છે. કૃષ્ણ સુદામાને મળવા સામા દોડ્યા હતા. શ્રીજીમહારાજે તથા ગુરુપરંપરામાં હરિભક્તો પ્રત્યેની આત્મીયતા તથા સંભાળના પ્રસંગો - વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ પણ હરિભક્તોના સાચા આત્મીયજન છે. તેઓની સંભાળ રાખે છે. સુંદલપુરામાં હાર્ટએટેક આવ્યો સારવાર માટે વડોદરા જતાં પોતાની ચિંતા ન કરતાં ગાડી ઊભી રખાવી આચાર્ય સ્વામી અને બે સંતોને આણંદમાં ડાહ્યાભાઈ ગજ્જરને ત્યાં પારાયણ કરવા જવાની આજ્ઞા કરી. ગોંડલમાં ગામડાના જૂના સાવ ગરીબ હરિભક્ત નાનજી આતાને જોતાં તેમની પાસે જઈ નીચા નમીને તેમને પગે લાગ્યા. મુંબઈના દોલતભાઈના અંત સમયે મળવા ગોંડલથી મુંબઈ પહોંચી ગયા. પ્રયાગની યાત્રાએ આવેલા સૌરાષ્ટ્રના ત્રણ હરિભક્તો ચણા મમરા ફાકીને દિવસો વિતાવતા હતા. તેમને તમામ નાસ્તો આપી દીધો. બંન્ને કીડની કામ કરતી બંધ થઈ ગઈ હતી તેવા ત્રિગુણભાઈને મળવા ન જઈ શકાતાં મોડી રાત્રે પત્ર લખવા બેઠા. નવસારી બાજુના વિચરણમાં ભરવાડણ બાઈ સ્વામીશ્રીને પગે લાગવા આવતી હતી. તેને હરિભક્તોએ રોકી દૂર રહેલા સ્વામીશ્રીએ તેની લાગણીને પોતાના ધર્મમાંથી સહેજ પણ ચળ્યા વગર ભગવાનના દર્શન કરાવી પૂરી કરાવી. સૌરાષ્ટ્રના એક ગામે હરિભક્તને પાલો બાજરો દળી આપ્યો. દ્વેષી સંતની અંત સમય સુધી સંભાળ. રાત-દિવસ જોયા વગર વિચરણ. કેટલ કેમ્પની પ્રવૃત્તિ કરી મૂંગા પશુઓ અને પશુપાલકોની રક્ષા કરી.

**નોંધ : પરીક્ષાર્થીએ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

❑ ❑ ❑